**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

=================================================================

## ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે

## આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૯૯૪/૨૦૨૧

### મંજૂરી અને સહી માટે:

### માનનીય ન્યાયમૂર્તી સુશ્રી સંગીતા કે. વિશેન

=================================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાચારપત્રોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપી શકાય? | |
| ૨ | રિપોર્ટરને મોકલવામાં આવે કે નહીં? | |
| ૩ | શું માનનીય ન્યાયમૂર્તીઓ ચુકાદાની અંતિમ નકલ જોવા માગે છે? | |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણ અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈ હુકમના અર્થઘટન અંગેનો કાયદાનો કોઈ મહત્વનો પ્રશ્ન સમાવિષ્ટ છે? | |

=================================================================

નરેનભાઈ ગુણવંતલાલ જયસ્વાલ

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય

=================================================================

ઉપસ્થિતિ:

અરજદાર(રો) નં. ૧ તરફે વકીલ સી. જે. ગોગડા (૭૪૮૮)

અરજદાર(રો) નં. ૧ તરફે વકીલ વિકાસ વી. નાયર (૭૪૭૪)

સામાવાળા(ઓ) નં. ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૬, ૭, ૮, ૯ રદ કરેલ

સામાવાળા(ઓ) નં. ૫ તરફે વકીલ શ્રી સી. પી. ચાંપાનેરી (૫૯૨૦)

સામાવાળા(ઓ) નં.૨,૪ તરફે સામાવાળા(ઓ) નં.૧,૩ તરફે એ.જી.પી. શ્રી ભરત વ્યાસ (૪)

================================================================

**કોરમ: માનનીય સુશ્રી ન્યાયમૂર્તી સંગીતા કે. વિશેન**

**તારીખ : ૧૭/૦૮/૨૦૨૧**

**મૌખિક ચુકાદો**

૧. સંબંધિત પક્ષકારોના વિદ્ધવાન વકીલોની સંમતિથી, હાલની રિટ અરજી આખરી નિકાલ માટે હાથ ધરવામાં આવી છે.

૨. રૂલ ઈશ્યુ કરો. વિદ્ધવાન આસિસ્ટન્ટ ગવર્નમેન્ટ પ્લીડર શ્રી ભરત વ્યાસ સામાવાળા નં. ૧ અને ૩ વતી રૂલની બજવણી સ્વીકારે છે. વિદ્ધવાન વકીલ શ્રી સી.પી. ચાંપાનેરી સામાવાળા નં. ૫ વતી રૂલની બજવણી સ્વીકારે છે. બજવણી થવા છતાં, સામાવાળા નં. ૨ અને ૪ એ ઉપસ્થિત ન થવાનું પસંદ કર્યું છે.

૩. આ અરજી દ્ધારા, અરજદારે, અન્ય બાબતોની સાથે, તારીખ ૧૮.૦૧.૨૦૨૧ ની રિક્વિઝિશન કાયદેસર અમાન્ય ઠેરવી રદ કરવાની અરજ કરેલ છે, જેના દ્ધારા, છોટાઉદેપુર નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યોએ અરજદાર વિરુદ્ધ અવિશ્વાસ દરખાસ્ત લાવવા માટે રિક્વિઝિશન મોકલેલ છે.

૪. જે પાયા પર તારીખ ૧૮.૦૧.૨૦૨૧ ની રિક્વિઝિશનને પડકારવામાં આવી છે તે એ છે કે, તે ગેરબંધારણીય છે અને ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૬ અને ૨૪૩ ની અલ્ટ્રા–વાયર્સ છે તેમજ વિપુલભાઈ એમ. ચૌધરી વિ. ગુજરાત કો–ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ, (૨૦૧૫) ૮ એસ.સી.સી. ૧ માં અને શિવાંગીબેન ચેતનકુમાર પટેલ વિ. ગુજરાત રાજ્ય, ૨૦૧૯ (૨) જી.એલ.આર. ૮૬૫ ના કેસમાં એપેક્સ કોર્ટ દ્વારા સ્થાપિત સિદ્ધાંતોની વિરુદ્ધ છે.

૫. કેસની હકીકતો એ છે કે અરજદાર તારીખ ૧૭.૦૨.૨૦૧૮ ના રોજ યોજાયેલી છોટાઉદેપુર નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં. ૭ ના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા અને તારીખ ૨૪.૦૮.૨૦૨૦ ના રોજ યોજાયેલી બેઠકમાં અઢી વર્ષની બીજી મુદત માટે નગરપાલિકાના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. અરજદારે સદર જનાદેશ મુજબ ચાર્જ સંભાળ્યો હતો અને તેમના જણાવ્યા મુજબ તેઓ પ્રમુખ તરીકે ક્ષમતાપૂર્વક ફરજો બજાવી રહ્યા છે. છ મહિનાથી ઓછા સમયગાળામાં, તારીખ ૧૮.૦૧.૨૦૨૧ ના રોજ ચૂંટાયેલા સભ્યો દ્વારા એવા કારણોસર દરખાસ્તની વિનંતી કરવામાં આવી હતી કે અરજદાર પોતાની રીતે એકહથ્થુ શાસન ચલાવી રહ્યા છે. તદનુસાર, સદર રિક્વિઝિશન નગરપાલિકાઓના નિયામક, કલેક્ટર, પ્રાંત અધિકારી અને ચીફ ઓફિસરને મોકલવામાં આવી હતી. નગરપાલિકાના સભ્યો દ્વારા લાવવામાં આવેલી સદર

રિક્વિઝિશનથી નારાજ થઈને, અરજદારે ઉપરોક્ત અરજ સાથે આ કોર્ટનો આશરો લીધેલ છે.

૬. અરજદાર તરફે વિદ્ધવાન વકીલ શ્રી વિકાસ નાયરે રજૂઆત કરી હતી કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જે હવે પછી '૧૯૬૩ ના અધિનિયમ' તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૩૬ એવું દર્શાવે છે કે નગરપાલિકાના કોઈપણ કાઉન્સિલર, જે તેના પ્રમુખ અથવા ઉપપ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવવા માંગતા હોય, તેઓ રાજ્ય સરકાર દ્ધારા નિર્ધારિત કરવામાં આવે તેવા ફોર્મમાં નગરપાલિકાને તેની નોટિસ આપી શકે છે અને જો સદર નોટિસને નગરપાલિકાના કુલ કાઉન્સિલરોની સંખ્યાના ઓછામાં ઓછા એક તૃતીયાંશ સભ્યોનું સમર્થન હોય, તો દરખાસ્ત લાવી શકાય છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે જોકે, અવિશ્વાસ દરખાસ્ત લાવવા માટે કોઈ સમય મર્યાદા પૂરી પાડવામાં આવી નથી. એવી રજૂઆત કરવામાં આવે છે કે અરજદાર તારીખ ૨૪.૦૮.૨૦૨૦ ના રોજ યોજાયેલી બેઠકમાં પ્રમુખ તરીકે ચૂંટાયા હતા અને છ મહિનાથી ઓછા સમયગાળામાં, તારીખ ૧૮.૦૧.૨૦૨૧ ના રોજ, નગરપાલિકાના સભ્યો દ્ધારા અવિશ્વાસ દરખાસ્ત માટે રિક્વિઝિશન લાવવામાં આવી છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે સદર તારીખ ૧૮.૦૧.૨૦૨૧ ની રિક્વિઝિશન આ કોર્ટ દ્ધારા શિવાંગીબેન ચેતનકુમાર પટેલ (ઉપર મુજબ) ના કેસમાં સ્થાપિત સિદ્ધાંતોની વિરુદ્ધ છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે આ

કોર્ટ ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જે હવે પછી '૧૯૯૩ ના અધિનિયમ' તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૫૬ ની જોગવાઈઓ અંગે વિચારણા કરી રહી હતી, જે ૧૯૬૩ ના અધિનિયમની કલમ ૩૬ ની જોગવાઈઓ સાથે સમાન–વિષયવસ્તુ ધરાવે છે.

૬.૧. એવી રજૂઆત કરવામાં આવે છે કે ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૬ પણ અવિશ્વાસ દરખાસ્તની જોગવાઈ કરે છે. ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૬ ની ઉપ–કલમ (૧) દર્શાવે છે કે કોઈપણ સભ્ય, જે સરપંચ અથવા ઉપ–સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવવા માંગતા હોય, તેઓ સંબંધિત પંચાયતને નિર્ધારિત ફોર્મમાં નોટિસ આપી શકે છે અને જો નોટિસને સંબંધિત પંચાયતના કુલ સભ્યોની સંખ્યાના અડધા સભ્યોનું સમર્થન હોય, તો દરખાસ્ત લાવી શકાય છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૬ ની જોગવાઈઓ અને અન્ય જોગવાઈઓનું માત્ર વિહંગાવલોકન સૂચવે છે કે અવિશ્વાસ દરખાસ્ત માટેનો પ્રસ્તાવ લાવવા માટે કોઈ વાજબી સમય પૂરો પાડવામાં આવ્યો નથી.

૬.૨. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૬ શિવાંગીબેન ચેતનકુમાર પટેલ (ઉપર મુજબ) ના કેસમાં વિચારણા માટે આવી હતી અને સદર મુદ્દો, અન્ય બાબતોની સાથે, એ હતો કે અવિશ્વાસ

દરખાસ્ત લાવવા માટે વાજબી સમય કયો હોવો જોઈએ. એવું ઠેરવવામાં આવ્યું છે કે વાજબી સમય એ બીજું કંઈ નથી પરંતુ પરવાનગી આપેલ સંજોગોમાં અનુકૂળ રીતે જે કરવાની જરૂર છે તે કરવા માટે યોગ્ય રીતે જરૂરી સમય છે. વાજબી સમય સંદર્ભગત અર્થથી ભિન્ન હોય છે, જે હેઠળ તેનો ઉપયોગ થાય છે. આથી, આ કોર્ટે ઠેરવ્યું કે વાજબી સમય એવો કોઈપણ સમય છે જે સંજોગો અનુસાર સ્પષ્ટપણે અવાજબી ન હોય. આ કોર્ટે ઠેરવ્યું છે કે ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૧૩ મુજબ, દરેક પંચાયત, જો આ અધિનિયમ હેઠળ વહેલી વિસર્જિત ન થાય તો, તેની પ્રથમ બેઠક માટે નિયત તારીખથી પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે અને તેથી વધુ નહીં. એવી રજૂઆત કરવામાં આવે છે કે આવી જોગવાઈઓને ધ્યાનમાં રાખીને અને ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૫ હેઠળ ચૂંટાયેલા સરપંચને સોંપાયેલા કારોબારી કાર્યો અને ૭૩ માં બંધારણીય સુધારા અધિનિયમ, ૧૯૯૨ નો હેતુ એટલે કે પંચાયતી રાજ સંસ્થાઓની નિરંતરતા અને સ્થિરતા, પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષના સમયને વાજબી સમય તરીકે ગણવો જોઈએ, જે સમયની અંદર, ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૬ હેઠળ દર્શાવ્યા મુજબ અવિશ્વાસ દરખાસ્ત દ્વારા ચૂંટાયેલા સરપંચને દૂર કરવા માટે કોઈ દરખાસ્તની મંજૂરી આપી શકાય નહીં. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે ૧૯૬૩ ના અધિનિયમની જોગવાઈઓ ૧૯૯૩ ના અધિનિયમની જોગવાઈઓ સાથે ખૂબ જ સમાન–વિષયવસ્તુ ધરાવે છે, જેમ કે, તાલુકા પંચાયતના પ્રમુખ પદની ચૂંટણી; હોદ્દાની મુદત અને પ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસની

દરખાસ્ત અને તેથી, શિવાંગીબેન ચેતનકુમાર પટેલ (ઉપર મુજબ) નો નિર્ણય હાલના કેસની હકીકતોને સંપૂર્ણ રીતે લાગુ પડે છે.

૬.૩. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે ૧૯૬૩ ના અધિનિયમની કલમ ૩૧ જોગવાઈ કરે છે કે નગરપાલિકાનું અધ્યક્ષપદ કાઉન્સિલરો દ્વારા પોતાનામાંથી ચૂંટાયેલા પ્રમુખ અથવા ઉપપ્રમુખ દ્વારા કરવામાં આવશે. ૧૯૬૩ ના અધિનિયમની કલમ ૩૩ પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દાની મુદત અઢી વર્ષની હોવાની જોગવાઈ કરે છે અને કલમ ૩૬ નોટિસ આપ્યા પછી અને રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવે તેવા ફોર્મમાં નગરપાલિકાને પ્રમુખ અથવા ઉપપ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસ દરખાસ્ત લાવવાની જોગવાઈ કરે છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે તાલુકા પંચાયતોના સંદર્ભમાં સમાન જોગવાઈઓ ૧૯૯૩ ના અધિનિયમમાં છે, જેમ કે, કલમ ૭૫, જે સરપંચ અથવા ઉપ–સરપંચ અથવા પંચાયતના સભ્યના હોદ્દામાં ખાલી જગ્યા પૂરવાની જોગવાઈ કરે છે, કલમ ૬૩ પંચાયતની પ્રથમ બેઠક અને પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીની જોગવાઈ કરે છે અને કલમ ૭૦ ઈચ્છુક સભ્ય દ્વારા, નિર્ધારિત ફોર્મમાં અને નિયત મુજબના સભ્યોની જરૂરી સંખ્યા દ્વારા સમર્થિત નોટિસ આપ્યા પછી, પ્રમુખ અથવા ઉપપ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવવાની જોગવાઈ કરે છે.

૬.૪. ૧૯૬૩ ના અધિનિયમની કલમ ૩૬ ની જોગવાઈઓનો સંદર્ભ આપતી વખતે, એવી રજૂઆત કરવામાં આવે છે કે તે દરખાસ્ત લાવવા માટે કોઈ મર્યાદા પૂરી પાડી શકતી નથી, પરંતુ દરખાસ્ત લાવવાની કાર્યવાહી વાજબી હોવી જરૂરી છે, જેના માટે અવાજબી રીતે આવી સત્તાઓના ઉપયોગ પર મર્યાદાઓ મૂકવી જરૂરી છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે ૧૯૬૩ ના અધિનિયમની કલમ ૩૬ એ સક્ષમ કરતી જોગવાઈ છે અને તેને અવાજબી રીતે અને અવાજબી સમયની અંદર કાર્ય કરવાની અને ચૂંટાયેલા પ્રમુખને વાજબી સમય માટે કામ કરવા ન દેવાની મંજૂરી આપી શકાય નહીં. એવી રજૂઆત કરવામાં આવે છે કે વાજબીપણું એ ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪ નું એક આવશ્યક અંગ છે અને તેથી, કોઈપણ કાર્યવાહી, જો અવાજબી હોય, તો તેને શરૂઆતમાં જ અટકાવવી જરૂરી છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે અનુચ્છેદ ૧૪ હેઠળ વાજબીપણાનું આવશ્યક તત્વ વિપુલભાઈ એમ. ચૌધરી (ઉપર મુજબ) ના કેસમાં મૌનના સિદ્ધાંતની લાગુ પડવાની ક્ષમતા દ્વારા લાગુ કરવામાં આવ્યું છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે એપેક્સ કોર્ટે ઠેરવ્યું છે કે જ્યારે બંધારણ વાચાળ હોય, ત્યારે તે હેઠળ બનાવેલા કાયદાઓ મૌન રહી શકતા નથી. જો કાયદો બંધારણ હેઠળની જરૂરિયાતો પર મૌન અથવા અસ્પષ્ટ હોય, તો સંબંધિત જોગવાઈઓમાં બંધારણીય જનાદેશ વાંચવો અને તદાનુસાર તેને જાહેર કરવો તે કોર્ટનું કામ છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે બંધારણમાં મૌન અને સ્થગિતતાના પાસાં

અંગે પણ એપેક્સ કોર્ટ દ્વારા સદર ચુકાદામાં વ્યાપકપણે વિચારણા કરવામાં આવી છે.

૬.૫. એવી રજૂઆત કરવામાં આવે છે કે નિરંતરતા અને સ્થિરતા એ બંધારણ દ્વારા સંચાલિત કાયદાના શાસનના અંગો છે અને તે માત્ર ૭૩ માં બંધારણીય સુધારા સુધી મર્યાદિત નથી. એવી રજૂઆત કરવામાં આવે છે કે સંસદીય લોકશાહીમાં નિરંતરતા અને સ્થિરતા આવશ્યક છે અને તે બંધારણ હેઠળ સંચાલન સિદ્ધાંત તરીકે એક આવશ્યક તત્વ છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે બંધારણીય ધ્યેય પ્રાપ્ત કરવા માટે જોગવાઈના સંચાલનની ચકાસણી કરવા માટે કોર્ટ માટે હંમેશા ખુલ્લું છે. રજૂઆત કરાટક રાજ્ય વિ. અપ્પા બાલૂ ઇંગાલે, એ.આઇ.આર. ૧૯૯૩ એસ.સી. ૧૧૨૬ માં અહેવાલ થયેલ એપેક્સ કોર્ટના ચુકાદા પર મૂકવામાં આવે છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે એપેક્સ કોર્ટે ઠેરવ્યું છે કે વિવેકબુદ્ધિ એ વ્યવસ્થાના પરિવર્તન અને નિરંતરતાના મિશ્રણને જાળવવા માટે કારણના અવાજ તરીકે કોર્ટના અવિરત પ્રયાસોમાં હંમેશા સેવા આપે છે જે સંસદીય લોકશાહીમાં પરિવર્તનની પ્રક્રિયામાં સ્થિરતા માટે અનિવાર્ય શરત છે. એવું પણ ઠેરવવામાં આવ્યું છે કે અધિનિયમનું અર્થઘટન કરતી વખતે, ન્યાયાધીશે બંધારણીય ધ્યેયો અને અધિનિયમના હેતુથી વાકેફ હોવું જોઈએ અને તેને હંમેશા પોતાના મનમાં રાખવું જોઈએ અને અધિનિયમની જોગવાઈઓનું અર્થઘટન કરવું જોઈએ. તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે નિશ્ચિતતા એ

કાયદાના શાસનનું એક આવશ્યક અંગ છે અને આ કોર્ટની ડિવિઝન બેન્ચ દ્વારા ઠેરવ્યા મુજબ હેતુલક્ષી અર્થઘટનના સિદ્ધાંતોની લાગુ પડવાની ક્ષમતા સામે સામાવાળા દ્વારા માત્ર એવા કારણોસર વાંધો ઉઠાવી શકાય નહીં કે હાલની કાર્યવાહી એક અલગ પ્રાધિકરણની જોગવાઈ કરતા અલગ કાયદા હેઠળની છે.

૬.૬. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે ૭૩ મો બંધારણીય સુધારો પંચાયતી રાજ સંસ્થાઓ માટેનું ધોરણ ઊંચું લાવવા માટે અમલમાં મૂકવામાં આવ્યો હતો જેથી તેના ગ્રામીણ પ્રભાવને કારણે તેને બંધારણ સાથે સુસંગત બનાવી શકાય જ્યારે, સદર તત્વ નગરપાલિકાઓના કેસમાં પહેલાથી જ હાજર છે અને તેથી, તેના માટેના તત્વો ૭૪ માં બંધારણીય સુધારાના કેસમાં પણ લાગુ પડશે. એવી રજૂઆત કરવામાં આવે છે કે ૭૩ માં, ૭૪ માં અને ૯૭ માં સુધારાને સંચાલિત કરતા સિદ્ધાંતો સમાન હશે અને તેથી, વિપુલભાઈ એમ. ચૌધરી (ઉપર મુજબ) ના કેસમાં સહકારી મંડળીઓ અધિનિયમ માટે વાજબી સમયગાળો નક્કી કરતી વખતે વિવિધ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એટલે કે નગરપાલિકાઓ, પંચાયતો વગેરે સંબંધિત વિવિધ કાયદાઓનો સહારો લેવામાં આવ્યો હતો. તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે વિપુલભાઈ એમ. ચૌધરી (ઉપર મુજબ) ના કેસમાં ચુકાદા પર આધાર રાખીને શિવાંગીબેન ચેતનકુમાર પટેલ (ઉપર મુજબ) ના કેસમાં ઠેરવ્યા મુજબની લાગુ પડવાની ક્ષમતા સ્થાનિક

સ્વરાજ્યની સંસ્થાઓને સંચાલિત કરતા વિવિધ કાયદાઓના પરસ્પર સંબંધિત સિદ્ધાંતો વિશે અરજદારની રજૂઆતોને સમર્થન આપે છે.

૬.૭. એવી રજૂઆત કરવામાં આવે છે કે જ્યાં સુધી અવિશ્વાસ દરખાસ્તની જોગવાઈનો સંબંધ છે, જોકે ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ મૌન છે; તેમ છતાં, એપેક્સ કોર્ટે અવિશ્વાસ દરખાસ્ત લાવવાની સત્તા અને વાજબી સમયગાળાની અંદર અવિશ્વાસ દરખાસ્ત લાવવા પરની મર્યાદાને પણ વાંચી છે.

૬.૮. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે શિવાંગીબેન ચેતનકુમાર પટેલ (ઉપર મુજબ) ના કેસમાં ચુકાદો, આ કોર્ટની ડિવિઝન બેન્ચ દ્વારા આપવામાં આવ્યો હોવાથી, આ કોર્ટ માટે બંધનકર્તા છે કારણ કે સમાન–વિષયવસ્તુ ધરાવતી જોગવાઈઓ સંબંધિત સિદ્ધાંતો સ્થાપિત કરવામાં આવ્યા છે. ઉપરોક્ત રજૂઆતોના વિસ્તાર તરીકે, એવો દાવો કરવામાં આવે છે કે તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓની કામગીરી વચ્ચે કોઈ મૂર્ત તફાવત નથી, સિવાય કે એક ગ્રામીણ વિસ્તારો માટે સ્થાનિક સ્વરાજ્યની સરકાર છે, જ્યારે બીજી શહેરી વિસ્તારો માટે છે. આ માત્ર વિવિધ સ્થાનિક મંડળો છે પરંતુ, સંચાલક સિદ્ધાંતો સમાન છે. તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે નગરપાલિકા અને તાલુકા પંચાયતની જોગવાઈઓ વચ્ચેનો તફાવત એવા પ્રકારનો નથી, જેથી શિવાંગીબેન ચેતનકુમાર પટેલ (ઉપર મુજબ) ના કેસમાં આ કોર્ટના બંધનકર્તા નિર્ણયથી

વિચલન કરવાની મંજૂરી આપી શકાય. એવું પણ સબમિટ કરવામાં આવે છે કે આ કોર્ટની ડિવિઝન બેન્ચે, શિવાંગીબેન ચેતનકુમાર પટેલ (ઉપર મુજબ) ના કેસમાં, ૧૯૯૩ ના અધિનિયમની જોગવાઈઓ અંગે વિચારણા કરતી વખતે, ભારતના બંધારણના ભાગ IX, IXA અને IXB ને ધ્યાનમાં લીધા છે અને તેથી, સદર ભાગોને સંચાલિત કરતા સિદ્ધાંતોને અલગ કરવાનું ખુલ્લું રહેશે નહીં.

૬.૯. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે આ કોર્ટની ડિવિઝન બેન્ચે શિવાંગીબેન ચેતનકુમાર પટેલ (ઉપર મુજબ) ના કેસમાં હેતુલક્ષી અર્થઘટન માટે પૂર્વ–શરત તરીકે જોગવાઈમાં અસ્પષ્ટતાની જરૂરિયાત અંગે સામાવાળાની રજૂઆતોને નકારી કાઢીને સ્થાનિક સ્વરાજ્યના કેસમાં સમાન–વિષયવસ્તુ ધરાવતી જોગવાઈઓના સંબંધમાં હેતુલક્ષી અર્થઘટનના સિદ્ધાંતને લાગુ કર્યો હતો અને તેથી, હાલના કેસમાં પણ એ જ સિદ્ધાંત લાગુ પડે છે કારણ કે, સમાન–વિષયવસ્તુ ધરાવતી જોગવાઈઓ ત્યાં છે. તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે આ મુદ્દા પરનો કાયદો હવે રેસ–ઈન્ટેગ્રા (અનિર્ણિત) નથી. રજૂઆત કેદારનાથ સિંહ વિ. બિહાર રાજ્ય, એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૯૫૫ માં અહેવાલ થયેલ એપેક્સ કોર્ટના ચુકાદા પર મૂકવામાં આવે છે. એપેક્સ કોર્ટે ઠેરવ્યું છે કે હેતુલક્ષી અર્થઘટનનો સિદ્ધાંત એવા કેસમાં લાગુ કરવો જરૂરી છે જ્યાં, કાયદો જોગવાઈઓના સંચાલન દ્વારા ગેરરીતિ માટે પણ જોગવાઈ કરી શકે છે અને તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે હોદ્દા પર ચૂંટાયાના સાડા ચાર

મહિનાના અવાજબી સમયગાળામાં દરખાસ્ત લાવવાની સભ્યોની કાર્યવાહી સ્પષ્ટપણે એક ગેરરીતિ છે જેને હેતુલક્ષી અર્થઘટનના સિદ્ધાંતો લાગુ કરીને સુધારવાની જરૂર છે. એ બાબત પર ભાર મૂકવામાં આવે છે કે જો જોગવાઈઓને પડકારવામાં ન આવે તો પણ, હેતુલક્ષી અર્થઘટનના સિદ્ધાંતો લાગુ કરીને તેને બંધારણીય રીતે યોગ્ય બનાવવા માટે જોગવાઈઓનું અર્થઘટન કરવાનું કોર્ટ માટે પરવાનગીપાત્ર રહેશે.

૬.૧૦. તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે અવાજબી સમયગાળામાં અને પ્રથમ બેઠકના એક વર્ષ કરતા ઓછા સમયગાળામાં પ્રસ્તાવિત અવિશ્વાસ દરખાસ્ત માટે તારીખ ૧૮.૦૧.૨૦૨૧ ની રિક્વિઝિશન લાવવી એ ગેરબંધારણીય છે અને લોકશાહી પ્રક્રિયાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે તેમજ, શિવાંગીબેન ચેતનકુમાર પટેલ (ઉપર મુજબ) ના કેસમાં અને વિપુલભાઈ એમ. ચૌધરી (ઉપર મુજબ) ના કેસમાં આ કોર્ટ દ્વારા સ્થાપિત સિદ્ધાંતોની વિરુદ્ધ છે. તેથી, એવી વિનંતી કરવામાં આવે છે કે તારીખ ૧૮.૦૧.૨૦૨૧ ની રિક્વિઝિશન કાયદેસર અમાન્ય ઠેરવી રદ કરવાને પાત્ર છે.

૭. તેનાથી વિપરીત, સામાવાળા નં. ૫ તરફે વિદ્વાન વકીલ શ્રી ચાંપાનેરીએ, આ કોર્ટને ૧૯૯૩ ના અધિનિયમની વિવિધ જોગવાઈઓ તરફ દોરી જતાં, રજૂઆત કરી હતી કે ૧૯૯૩ ના અધિનિયમની જોગવાઈઓ બંધારણ (૭૩ મો

સુધારો) અધિનિયમમાંથી નીકળતી સત્તાઓના ઉપયોગમાં ઘડી કાઢવામાં આવી છે અને તેનો એક હેતુ નિરંતરતા અને સ્થિરતા લાવવાનો હતો; જોકે, ૭૪ માં બંધારણીય સુધારા દ્વારા પૂરી પાડવામાં આવેલ ૧૯૬૩ ના અધિનિયમને લગતી જોગવાઈઓનો એવો કોઈ હેતુ નથી. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે ૭૪ માં સુધારાના હેતુઓ અને કારણોના કથનમાં જણાવવામાં આવ્યું છે કે વિવિધ કારણોસર ઘણા રાજ્યોમાં સ્થાનિક મંડળો નબળા અને અપ્રભાવશાળી બની ગયા છે અને તેના પરિણામે, શહેરી સ્થાનિક મંડળો સ્વરાજ્યના ક્ષમતા ધરાવતા લોકશાહી એકમો તરીકે અસરકારક રીતે કાર્ય કરવા માટે સક્ષમ નથી જ્યારે, ૭૩ માં સુધારાના હેતુઓ અને કારણોનું કથન, અન્ય બાબતોની સાથે, જોગવાઈ કરે છે કે પંચાયતી રાજ સંસ્થાઓ લાંબા સમયથી અસ્તિત્વમાં હોવા છતાં, એવું જોવામાં આવ્યું છે કે આ સંસ્થાઓ સંખ્યાબંધ કારણોસર ક્ષમતા ધરાવતા અને જવાબદાર લોકોના મંડળો તરીકેનો હોદ્દો અને ગૌરવ પ્રાપ્ત કરવા માટે સક્ષમ નથી, તેથી, બંને સુધારાઓ અલગ-અલગ હેતુઓ અને ઉદ્દેશ્ય સાથેના છે. આથી, ૧૯૯૩ ના અધિનિયમની જોગવાઈઓના સંદર્ભમાં શિવાંગીબેન ચેતનકુમાર પટેલ (ઉપર મુજબ) ના કેસમાં આ કોર્ટ દ્વારા સ્થાપિત સિદ્ધાંતોને ૧૯૬૩ ના અધિનિયમની જોગવાઈઓ અંગે વિચારણા કરતી વખતે લાગુ કરી શકાય નહીં.

૭.૧. એવી રજૂઆત કરવામાં આવે છે કે ૧૯૯૩ નો અધિનિયમ ત્રણ સ્તર માટે જોગવાઈ કરે છે, જેમ કે, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત. એવી રજૂઆત કરવામાં આવે છે કે ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૯ ગ્રામ પંચાયતોની રચનાની જોગવાઈ કરે છે. જ્યાં સુધી ગ્રામ પંચાયતના સરપંચ અને ઉપ–સરપંચનો સંબંધ છે, તેઓ ગામના લાયક મતદારો દ્વારા પોતાનામાંથી ચૂંટાય છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે ૧૯૯૩ ના અધિનિયમનો ભાગ–III સભ્યોની ચૂંટણીની જોગવાઈ કરે છે. જ્યાં સુધી સરપંચ અને ઉપ–સરપંચની ચૂંટણીનો સંબંધ છે, તે ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૯ ની જોગવાઈઓ દ્વારા સંચાલિત થાય છે. આ કોર્ટનું ધ્યાન ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૬૩ તરફ દોરતાં, એવી રજૂઆત કરવામાં આવે છે કે પ્રમુખ અને ઉપપ્રમુખ એ તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો છે, મંડળ નથી. ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૬૭ પ્રમુખ અને ઉપપ્રમુખની મુદત અઢી વર્ષની હોવાની જોગવાઈ કરે છે.

૭.૨. એવી રજૂઆત કરવામાં આવે છે કે જ્યાં સુધી ૧૯૬૩ ના અધિનિયમનો સંબંધ છે, કલમ ૩૨ પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીની જોગવાઈ કરે છે અને પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દાની મુદત ૧૯૬૩ ના અધિનિયમની કલમ ૩૩ હેઠળ અઢી વર્ષની પૂરી પાડવામાં આવી છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે એક તરફ ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૯, ૬૩ અને ૬૭ ની જોગવાઈઓ અને બીજી તરફ ૧૯૬૩ ના અધિનિયમની કલમ ૩૨ અને ૩૩ ની જોગવાઈઓ

સ્પષ્ટપણે દર્શાવે છે કે બંને અધિનિયમો હેઠળની જોગવાઈઓ ભિન્ન ક્ષેત્રમાં કાર્ય કરે છે.

૭.૩. એવી રજૂઆત કરવામાં આવે છે કે પંચાયતોનો ખ્યાલ નગરપાલિકાઓને લાગુ પડશે નહીં. ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૧૭૫ તરફ ધ્યાન દોરવામાં આવે છે અને રજૂઆત કરવામાં આવે છે કે જોગવાઈ નોન–ઓબસ્ટેન્ટે ક્લોઝ (તદ્ઉપરાંતની જોગવાઈ) થી શરૂ થાય છે, જે રાજ્ય સરકારને, તે યોગ્ય લાગે તેવી શરતોને આધીન, સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત હુકમ દ્વારા જિલ્લા પંચાયતને કોઈપણ કાયદા હેઠળ રાજ્ય સરકાર દ્વારા ઉપયોગમાં લેવાતી અથવા બજાવવામાં આવતી કોઈપણ બાબતને લગતી એવી સત્તાઓ, કાર્યો અને ફરજો ટ્રાન્સફર કરવાની સત્તા આપે છે જે, રાજ્ય વિધાનમંડળ ઘડવા માટે સક્ષમ હોય, અથવા અન્યથા રાજ્યની કારોબારી સત્તામાં હોય અને તે જિલ્લાની અંદર ઉદ્ભવતી અને વહીવટી પ્રકૃતિની બાબતોને લગતી જણાય અને આવા ટ્રાન્સફર પર, જિલ્લા પંચાયતને ટ્રાન્સફર કરાયેલ સત્તાઓનો ઉપયોગ કરવા અને કાર્યો અને ફરજો બજાવવા માટે સક્ષમ બનાવવા માટે જરૂરી હોય તેવા ફંડ અને કર્મચારીઓની ફાળવણી કરશે. એવી રજૂઆત કરવામાં આવે છે કે ૭૩ માં બંધારણીય સુધારા દ્વારા, એકરૂપતા લાવવા માટે, ૭૩ માં સુધારાના હેતુને પ્રાપ્ત કરવા માટે પંચાયત અધિનિયમ ઘડવામાં આવ્યો છે. જોકે, નગરપાલિકાનું અંગ એક અલગ અંગ છે અને તેથી, ૭૪ મો બંધારણીય સુધારો રજૂ કરવામાં આવ્યો

હતો. બંધારણનો સુધારો અને જોગવાઈઓનો હેતુ ભિન્ન અને અલગ છે અને ૧૯૬૩ ના અધિનિયમ હેઠળ ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૧૭૫ જેવી કોઈ જોગવાઈ ઉપલબ્ધ નથી.

૭.૪. એવી રજૂઆત કરવામાં આવે છે કે જ્યાં સુધી આ કોર્ટના શિવાંગીબેન ચેતનકુમાર પટેલ (ઉપર મુજબ) ના કેસમાં આપેલા ચુકાદાનો સંબંધ છે, તે ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૯ ની જોગવાઈઓ સાથે સંબંધિત છે, જે ૭૩ માં બંધારણીય સુધારાના હેતુનું પરિણામ છે. શિવાંગીબેન ચેતનકુમાર પટેલ (ઉપર મુજબ) ના કેસમાં આ કોર્ટ દ્વારા સ્થાપિત સિદ્ધાંતોને લાગુ કરીને, અરજદાર ૭૩ માં બંધારણીય સુધારાના અવકાશ અને હેતુને જોગવાઈઓમાં વાંચીને ૧૯૬૩ ના અધિનિયમની કલમ ૩૬ ની જોગવાઈઓને ફરીથી લખવાનો પ્રસ્તાવ મૂકે છે, જોકે ૧૯૬૩ નો અધિનિયમ ૭૪ માં બંધારણીય સુધારાના આધારે ઘડવામાં આવ્યો છે. એ સુસ્થાપિત છે કે હેતુલક્ષી અર્થઘટનનો સહારો માત્ર ત્યારે જ લઈ શકાય જ્યારે કોઈપણ કાયદો કોઈપણ જોગવાઈને એક કરતાં વધુ અર્થ પૂરો પાડે અથવા તે કાયદાના અવકાશ અને હેતુને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય. જોકે, જ્યારે કાયદાની ભાષા સ્પષ્ટ, છતી અને અસંદિગ્ધ હોય, ત્યારે કોર્ટ શાબ્દિક અર્થઘટનનો નિયમ લાગુ કરી શકે છે અને હેતુલક્ષી અર્થઘટન નહીં.

૭.૫. એવી રજૂઆત કરવામાં આવે છે કે ૭૩ માં સુધારાના હેતુને ધ્યાનમાં રાખીને કોર્ટ દ્વારા જોગવાઈઓનું અર્થઘટન કરવામાં આવ્યું છે, કારણ કે ચુકાદાના પેરા ૪૩ માં એવું અવલોકન કરવામાં આવ્યું છે કે ૧૯૯૩ ના અધિનિયમની જોગવાઈઓ, અધિનિયમની કલમ ૫૫ હેઠળ ચૂંટાયેલા સરપંચને સોંપાયેલા કારોબારી કાર્યો અને ૭૩ માં બંધારણીય સુધારા અધિનિયમ, ૧૯૯૨ ના હેતુ એટલે કે પંચાયતી રાજ સંસ્થાઓની નિરંતરતા અને સ્થિરતાને ધ્યાનમાં રાખીને કોર્ટે એક વર્ષનો વાજબી સમય પૂરો પાડવા માટે યોગ્ય માન્યું છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે સ્થિરતા એ સોંપાયેલા કાર્યોને એટલે કે ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૧૭૫ ની જોગવાઈઓને જોતાં છે.

૭.૬. ભાનુમતી વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય, એ.આઇ.આર. ૨૦૧૦ એસ.સી. ૩૭૯૬ માં અહેવાલ થયેલ એપેક્સ કોર્ટના ચુકાદાના પેરા ૯૧ નો સંદર્ભ આપતાં, એવી રજૂઆત કરવામાં આવે છે કે એવું ઠેરવવામાં આવ્યું છે કે ચૂંટાયેલા પ્રતિનિધિ વિરુદ્ધ અવિશ્વાસનો મત એ જવાબદારીમા થી નીકળતો સીધો અંકુશ છે. ચૂંટાયેલા પ્રતિનિધિને પરત બોલાવવો (રીકોલ) એ રાજકીય લોકશાહીની પ્રગતિ છે જે મતદારોનું સાચું, ન્યાયી, પ્રામાણિક અને વાજબી પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરે છે. એવું ઠેરવવામાં આવ્યું છે કે તેથી, ચૂંટાયેલા પ્રતિનિધિને પરત બોલાવવા માટે કાયદામાંની જોગવાઈની ચકાસણી સામાન્ય કે અસ્પષ્ટ વિભાવનાઓ પર નહીં પરંતુ, એક મંડળને પરત બોલાવવાની સત્તા સોંપવાની વ્યવહારુ શક્યતા

અને ચૂંટણીલક્ષી શક્યતા પર થવી જોઈએ, જે પ્રતિનિધિ પ્રકૃતિનું છે અને મતદારોના વિચારોને પ્રોજેક્ટ કરવા માટે સક્ષમ છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે મતદારોની ઈચ્છા પ્રતિબિંબિત થવી જોઈએ કારણ કે, આખું ગામ મતદાર મંડળ છે.

૭.૭. ડી.એ.વી. કોલેજ ટ્રસ્ટ એન્ડ મેનેજમેન્ટ સોસાયટી વિ. ડાયરેક્ટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન્સ, (૨૦૧૯) ૯ એસ.સી.સી. ૧૮૫ માં અહેવાલ થયેલ એપેક્સ કોર્ટના ચુકાદા પર રજૂઆત મૂકવામાં આવે છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે એપેક્સ કોર્ટે ઠેરવ્યું છે અને અવલોકન કર્યું છે કે કાયદાના હેતુલક્ષી અર્થઘટનનો સિદ્ધાંત એ એક સુવિખ્યાત સિદ્ધાંત છે જે આપણા ન્યાયશાસ્ત્રમાં સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. એવું ઠેરવવામાં આવ્યું છે કે હેતુલક્ષી અર્થઘટન આપતી વખતે, કોર્ટે પોતાની જાતને વિધાનમંડળ અથવા કાયદાના રચયિતાની ખુરશી પર મૂકવી જરૂરી છે. જોગવાઈનું અર્થઘટન એવી રીતે થવું જોઈએ જેથી સુનિશ્ચિત કરી શકાય કે અધિનિયમનો હેતુ પૂરો થાય છે. સ્પષ્ટપણે, જો અધિનિયમની ભાષા સ્પષ્ટ હોય તો ભાષાને અનુસરવી પડશે, કોર્ટ માટે તેનું પોતાનું અર્થઘટન આપવું અપરવાનગીપાત્ર રહેશે. તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે હેતુલક્ષી અર્થઘટનનો સહારો માત્ર ત્યારે જ લઈ શકાય જ્યારે કાયદો એક કરતાં વધુ અર્થ પૂરો પાડે, કલમ ૩૬ ની જોગવાઈઓ સાથે એવો કેસ નથી, જેની ભાષા સ્પષ્ટ અને સરળ છે.

૭.૮. વિપુલભાઈ એમ. ચૌધરી (ઉપર મુજબ) ના કેસમાં આપેલા ચુકાદાનો સંદર્ભ આપતી વખતે, એવી રજૂઆત કરવામાં આવે છે કે પેરા ૫૧ માં એપેક્સ કોર્ટે એવો પ્રસ્તાવ મૂક્યો છે કે લોકશાહી સિદ્ધાંતો પરનું લોકશાહી કાર્ય સંબંધિત અધિનિયમો અથવા નિયમો અથવા બાય-લોઝમાં, સિદ્ધાંત અને પ્રક્રિયા બંને પર પ્રતિબિંબિત થવું જોઈએ અને, જો નહીં, તો અધિનિયમ અથવા નિયમો અથવા બાય-લોઝમાં લોકશાહી સિદ્ધાંતો વાંચવાનું કોર્ટ માટે છે. તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે પરત બોલાવવાનો અધિકાર તેથી ભારતના બંધારણની યોજના પર આધારિત લોકશાહી અધિકાર તરીકે ઉચ્ચ પીઠિકા પર હોવો જોઈએ.

૭.૯. એવી રજૂઆત કરવામાં આવે છે કે નગરપાલિકાઓની રચના, બંધારણ અને વહીવટ અંગેની જોગવાઈઓ ૦૧.૦૬.૧૯૯૩ થી ૭૪ માં બંધારણીય સુધારા દ્વારા ભારતના બંધારણના ભાગ IXA માં પૂરી પાડવામાં આવી છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે અનુચ્છેદ ૨૪૩-યુ ની જોગવાઈઓ નગરપાલિકાની મુદત ૫ વર્ષની હોવાની જોગવાઈ કરે છે; જોકે, નગરપાલિકાના પ્રમુખની મુદત સંબંધિત આવી કોઈ જોગવાઈ ઉપલબ્ધ નથી. વધુમાં, અનુચ્છેદ ૨૪૩-આર(૨)(બી) ની જોગવાઈઓ પૂરી પાડે છે કે રાજ્યનું વિધાનમંડળ કાયદા દ્વારા, નગરપાલિકાના અધ્યક્ષની ચૂંટણીની રીત માટે જોગવાઈ કરી શકે છે. ચૂંટવાના અધિકારમાં જ પરત બોલાવવાનો અથવા દૂર કરવાનો અધિકાર

સમાવિષ્ટ છે અને તેથી, સમગ્ર ભાગમાં નગરપાલિકાના પ્રમુખના હોદ્દા માટે નિરંતરતા, સ્થિરતા અથવા રક્ષણાત્મક સમયગાળો પૂરો પાડતી કોઈ જોગવાઈ નથી. આમ, રાજ્ય વિધાનમંડળે તેની ક્ષમતાની અંદર, દેશભરના અન્ય રાજ્યોના નગરપાલિકાના કાયદાઓથી વિપરીત રક્ષણાત્મક સમયગાળો પૂરો ન પાડવાનું યોગ્ય માન્યું છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે ૧૯૬૩ ના અધિનિયમની કલમ ૩૬ માં સમાવિષ્ટ જોગવાઈઓની કાયદેસરતા એ પડકારનો વિષય નથી અને તે કાયદાકીય ક્ષેત્ર ધરાવતી કાયદેસર અને માન્ય જોગવાઈ છે.

૭.૧૦. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે પંચાયતો અને નગરપાલિકાઓને ભારતના બંધારણ હેઠળ વિવિધ પ્રકૃતિના કામો સોંપવામાં આવ્યા છે અને તે વિવિધ ભાગો દ્વારા સંચાલિત થાય છે. આવી દરેક સંસ્થાની જોગવાઈઓમાંથી કોઈ પણ એકબીજાને લાગુ પડતી નથી. તે એકબીજાથી સ્વતંત્ર અને અલગ, ભિન્ન સંસ્થાઓ હોવાને કારણે, ૧૯૯૩ ના અધિનિયમ સંબંધિત જોગવાઈઓને ૧૯૬૩ ના અધિનિયમની જોગવાઈઓ સાથે સરખાવી શકાય નહીં કે તેને સમાન–વિષયવસ્તુ તરીકે ગણી શકાય નહીં.

૭.૧૧. કેસના ગુણદોષ તરફ દોરી જતાં, એવી રજૂઆત કરવામાં આવે છે કે ૧૯૬૩ ના અધિનિયમની કલમ ૩૬ અવિશ્વાસ દરખાસ્તની જોગવાઈ કરે છે. તે નગરપાલિકાના કોઈપણ કાઉન્સિલરને, જે તેના પ્રમુખ અથવા ઉપપ્રમુખ વિરુદ્ધ

અવિશ્વાસની દરખાસ્ત લાવવા માંગતા હોય, નગરપાલિકાને નોટિસ આપવાની મંજૂરી આપે છે અને આવી નોટિસને નગરપાલિકાના તત્કાલીન કાઉન્સિલરોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા એક તૃતીયાંશ સભ્યોનું સમર્થન હોવું જોઈએ અને આવા સમર્થન સાથે, દરખાસ્ત લાવી શકાય છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે કાઉન્સિલરોની કુલ સંખ્યા ૨૮ છે, જેમાંથી, ૨૫ જણાએ નિર્ધારિત ફોર્મમાં દરખાસ્ત રજૂ કરી છે, જે ૧૯૬૩ ના અધિનિયમની કલમ ૩૬ ની ઉપ–કલમ (૨) ની જોગવાઈઓને અનુરૂપ છે કારણ કે, સદર દરખાસ્ત નગરપાલિકાના તત્કાલીન કુલ કાઉન્સિલરોની સંખ્યાના ઓછામાં ઓછા બે તૃતીયાંશ બહુમતી દ્વારા મંજૂર કરવામાં આવી છે.

૭.૧૨. આથી, સમાપન કરતી વખતે, એવી રજૂઆત કરવામાં આવે છે કે શિવાંગીબેન ચેતનકુમાર પટેલ (ઉપર મુજબ) ના કેસમાં ચુકાદા પર મૂકાયેલ રજૂઆત તેમજ વિપુલભાઈ એમ. ચૌધરી (ઉપર મુજબ) ના કેસમાં રજૂઆત અરજદારને કોઈ મદદરૂપ થઈ શકે નહીં અને હાલની રિટ અરજી, કોઈપણ ગુણદોષ વિનાની હોવાથી, રદ કરવાને પાત્ર છે.

૮. સંબંધિત પક્ષકારો માટે ઉપસ્થિત વિદ્વાન વકીલોને સાંભળવામાં આવ્યા. મુખ્ય મુદ્દો જે આ કોર્ટની વિચારણા માટે ઉદ્ભવે છે તે એ છે કે, શું શિવાંગીબેન ચેતનકુમાર પટેલ (ઉપર મુજબ) ના કેસમાં સ્થાપિત સિદ્ધાંતો, જે ૧૯૯૩ ના

અધિનિયમ હેઠળ અવિશ્વાસ દરખાસ્તની જોગવાઈઓ સાથે સંબંધિત હતા તેમજ વિપુલભાઈ એમ. ચૌધરી (ઉપર મુજબ) ના કેસમાં સ્થાપિત સિદ્ધાંતો જે વાજબી સમય અંગે સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ સાથે સંબંધિત હતા, જે સમયની અંદર, અવિશ્વાસ દરખાસ્તની મંજૂરી આપી શકાય નહીં, તે હાલના કેસની હકીકતોને લાગુ પડે છે? સદર મુદ્દાનો નિર્ણય કરવા માટે, ભારતના બંધારણ, ૧૯૯૩ ના અધિનિયમ, ૧૯૬૩ ના અધિનિયમની કેટલીક જોગવાઈઓ તેમજ આ મુદ્દા પરના ચુકાદા નોંધવા જરૂરી છે.

૯. આગળ વધતા પહેલા, બંધારણ (૭૩ મો સુધારો) અધિનિયમ, ૧૯૯૨ ના હેતુઓ અને કારણોના કથનનો સંબંધિત અર્ક નોંધવા યોગ્ય છે, જે આ મુજબ વંચાય છે:-

> "પંચાયતી રાજ સંસ્થાઓ લાંબા સમયથી અસ્તિત્વમાં હોવા છતાં, એવું જોવામાં આવ્યું છે કે આ સંસ્થાઓ નિયમિત ચૂંટણીઓનો અભાવ, લાંબા સમય સુધી સુપરસીઝન (અધિક્રમણ), અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ જેવા નબળા વર્ગોનું અપૂરતું પ્રતિનિધિત્વ, સત્તાઓનું અપૂરતું સ્થાનાંતરણ અને નાણાકીય સાધનોનો અભાવ સહિતના સંખ્યાબંધ કારણોસર ક્ષમતા ધરાવતા અને જવાબદાર લોકોના મંડળો તરીકેનો હોદ્દો અને ગૌરવ પ્રાપ્ત કરવા માટે સક્ષમ નથી.
>
> બંધારણનો અનુચ્છેદ ૪૦ જે રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાંના એકને સમાવિષ્ટ કરે છે તે જોગવાઈ કરે છે કે રાજ્ય ગ્રામ પંચાયતોનું આયોજન

> કરવા માટે પગલાં લેશે અને તેમને એવી સત્તાઓ અને અધિકારો આપશે જે તેમને સ્વરાજ્યના એકમો તરીકે કાર્ય કરવા માટે સક્ષમ બનાવવા માટે જરૂરી હોય. છેલ્લા ચાલીસ વર્ષના અનુભવના પ્રકાશમાં અને જોવામાં આવેલી ખામીઓને ધ્યાનમાં રાખીને, એવું માનવામાં આવે છે કે પંચાયતી રાજ સંસ્થાઓને નિશ્ચિતતા, નિરંતરતા અને શક્તિ આપવા માટે બંધારણમાં તેમની કેટલીક મૂળભૂત અને આવશ્યક વિશેષતાઓને સમાવિષ્ટ કરવાની અત્યંત જરૂરિયાત છે."

૧૦. હેતુઓ અને કારણોના કથનમાંથી જણાઈ આવે છે તેમ, પંચાયતી રાજ સંસ્થાઓ લાંબા સમયથી અસ્તિત્વમાં હોવા છતાં અને એવું જોવામાં આવ્યું હતું કે નિયમિત ચૂંટણીઓનો અભાવ, લાંબા સમય સુધી સુપરસીઝન, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ જેવા નબળા વર્ગોનું અપૂરતું પ્રતિનિધિત્વ, સત્તાઓનું અપૂરતું સ્થાનાંતરણ અને નાણાકીય સાધનોનો અભાવ સહિતના સંખ્યાબંધ કારણોસર સંસ્થાઓ ક્ષમતા ધરાવતા અને જવાબદાર લોકોના મંડળો તરીકેનો હોદ્દો અને ગૌરવ પ્રાપ્ત કરવા માટે સક્ષમ નથી, અન્ય બાબતોની સાથે, ગામ અથવા ગામોના જૂથમાં ગ્રામસભા; ગ્રામીણ અને અન્ય સ્તર અથવા સ્તરો પર પંચાયતોની રચના; ગ્રામીણ અને મધ્યવર્તી સ્તરે પંચાયતોની તમામ બેઠકો પર સીધી ચૂંટણીઓ, જો કોઈ હોય તો અને તેવા સ્તરો પર પંચાયતોના અધ્યક્ષોના હોદ્દા માટે સીધી ચૂંટણીઓ; વગેરે પૂરી પાડવા માટે બંધારણમાં પંચાયતોને લગતો એક નવો ભાગ ઉમેરવાનો પ્રસ્તાવ હતો. આ

ઉદ્દેશ્યને મનમાં રાખીને, બંધારણ ૭૩ મો સુધારો અધિનિયમ ૧૯૯૨ ભારતના બંધારણમાં અમલમાં મૂકવામાં આવ્યો હતો.

૧૧. સમાન રીતે, કારણ કે એવું જોવામાં આવ્યું હતું કે નિયમિત ચૂંટણીઓ યોજવામાં નિષ્ફળતા, લાંબા સમય સુધી સુપરસીઝન અને સત્તાઓ અને કાર્યોનું અપૂરતું સ્થાનાંતરણ સહિતના વિવિધ કારણોસર ઘણા રાજ્યોમાં સ્થાનિક મંડળો નબળા અને અપ્રભાવશાળી બની ગયા છે, જેના પરિણામે શહેરી સ્થાનિક મંડળો સ્વરાજ્યના ધબકતા લોકશાહી એકમ તરીકે અસરકારક રીતે કાર્ય કરવા માટે સક્ષમ ન હતા, તેથી વિવિધ બાબતો પૂરી પાડતો ૭૪ મો સુધારો અમલમાં મૂકવામાં આવ્યો હતો. બંધારણ (૭૪ મો સુધારો) અધિનિયમ, ૧૯૯૨ ના હેતુઓ અને કારણોના કથનનો સંબંધિત અર્ક આ મુજબ વંચાય છે:-

> "ઘણા રાજ્યોમાં નિયમિત ચૂંટણીઓ યોજવામાં નિષ્ફળતા, લાંબા સમય સુધી સુપરસીઝન અને સત્તાઓ અને કાર્યોનું અપૂરતું સ્થાનાંતરણ સહિતના વિવિધ કારણોસર સ્થાનિક મંડળો નબળા અને અપ્રભાવશાળી બની ગયા છે. પરિણામે, શહેરી સ્થાનિક મંડળો સ્વરાજ્યના ધબકતા લોકશાહી એકમો તરીકે અસરકારક રીતે કાર્ય કરવા માટે સક્ષમ નથી.
>
> ૨. આ ખામીઓને ધ્યાનમાં રાખીને, એ જરૂરી માનવામાં આવે છે કે શહેરી સ્થાનિક મંડળોને લગતી જોગવાઈઓ બંધારણમાં સમાવિષ્ટ કરવામાં આવે ખાસ કરીને-

(i) રાજ્ય સરકાર અને શહેરી સ્થાનિક મંડળો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત પાયા પર મૂકવા માટે–

(અ) કાર્યો અને કરવેરાની સત્તાઓ; અને

(બ) મહેસૂલની વહેંચણી માટેની ગોઠવણો;

(ii) ચૂંટણીઓનું નિયમિત સંચાલન સુનિશ્ચિત કરવું;

(iii) સુપરસીઝનના કિસ્સામાં સમયસર ચૂંટણીઓ સુનિશ્ચિત કરવી; અને

(iv) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ જેવા નબળા વર્ગો માટે પૂરતું પ્રતિનિધિત્વ પૂરું પાડવું.

૩. તદનુસાર, બંધારણમાં શહેરી સ્થાનિક મંડળોને લગતો એક નવો ભાગ ઉમેરવાનો પ્રસ્તાવ છે જે–

(અ) ત્રણ પ્રકારની નગરપાલિકાઓની રચના પૂરી પાડે છે:

(i) ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં પરિવર્તિત થતા વિસ્તારો માટે નાગર પંચાયતો;

(ii) નાના શહેરી વિસ્તારો માટે નગરપાલિકા પરિષદો;

(iii) મોટા શહેરી વિસ્તારો માટે મ્યુનિસિપલ કોર્પોરેશનો.

સદર વિસ્તારો ઉલ્લેખિત કરવા માટેના વ્યાપક ધોરણો પ્રસ્તાવિત અનુચ્છેદ ૨૪૩–ઓ માં પૂરા પાડવામાં આવી રહ્યા છે;

(બ) નગરપાલિકાઓની રચના, જે રાજ્યના વિધાનમંડળ દ્વારા નક્કી કરવામાં આવશે, જેમાં નીચેની વિશેષતાઓ હશે:

(i) સીધી ચૂંટણી દ્વારા પસંદ કરવામાં આવતી વ્યક્તિઓ;

(ii) નગરપાલિકાઓમાં વોર્ડ અથવા અન્ય સ્તરે સમિતિઓના અધ્યક્ષોનું પ્રતિનિધિત્વ, જો કોઈ હોય તો;

(iii) નગરપાલિકાઓમાં મ્યુનિસિપલ વહીવટનું વિશેષ જ્ઞાન અથવા અનુભવ ધરાવતી વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ (મતાધિકાર વિના);

(ક) રાજ્યના કાયદામાં ઉલ્લેખિત રીત મુજબ નગરપાલિકાના અધ્યક્ષોની ચૂંટણી;

(ડ) રાજ્યના કાયદામાં પૂરી પાડી શકાય તે મુજબ નગરપાલિકાની પ્રાદેશિક સીમાની અંદર વોર્ડ સ્તરે અથવા અન્ય સ્તર અથવા સ્તરો પર સમિતિઓની રચના;

(ઈ) દરેક નગરપાલિકામાં બેઠકો અનામત રાખવી–

(i) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે તેમની વસ્તીના પ્રમાણમાં જેમાંથી ઓછામાં ઓછો એક તૃતીયાંશ ભાગ મહિલાઓ માટે હશે;

(ii) મહિલાઓ માટે જે કુલ બેઠકોની સંખ્યાના ઓછામાં ઓછા એક તૃતીયાંશ ભાગથી ઓછી નહીં હોય;

(iii) નાગરિકોના પછાત વર્ગની તરફેણમાં જો રાજ્યના વિધાનમંડળ દ્વારા એવી જોગવાઈ કરવામાં આવી હોય;

(iv) અધ્યક્ષોના હોદ્દામાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ માટે જે રીતે રાજ્યના કાયદામાં ઉલ્લેખિત કરવામાં આવે;

(એફ) નગરપાલિકા માટે ૫ વર્ષની નિશ્ચિત મુદત અને મુદતના અંતના છ મહિનાની અંદર ફરીથી ચૂંટણી. જો નગરપાલિકા તેની અવધિ પૂરી થતાં પહેલાં વિસર્જિત થઈ જાય, તો તેના વિસર્જનના છ મહિનાના સમયગાળાની અંદર ચૂંટણી યોજવામાં આવશે;

xxx xxx xxx xxx

xxx xxx xxx xxx

